જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૧૨/૧૩ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૩૮૫૯/૧૩

**ઓઢવ પો.સ્ટે. :**

સંયુકત પોલીસ કમિશનર(સેક્ટર-૨) સ્કોર્ડનાં હે.કો.બળવંતભાઇ, હે.કો.,મનોજકુમાર, હે.કો.પ્રહલાદસિંહ, હે.કો.પ્રવિણસિંહ, પો.કો.ધર્મરાજ અને પો.કો.સુરેશભાઇ સેક્ટર-૨ વિસ્તારમાં પ્રોહીબીશન પ્રવૃત્તિ નાથવા સારૂ પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન પો.કો.સુરેશભાઇને ચોક્કસ અને આધારભુત બાતમી મળી હતી કે હોન્ડાસીટી કાર નં. જીજે ૧ કે.બી. ૧૪૯૬ માં ઇગ્લીશ દારૂ ઓઢવ રીંગ રોડ પરથી આવવાનો છે. આ બાતમી આધારે તા.૨૩/૧૨/૧૩ કલાક ૧/૦૦ વાગ્યાનાં સુમારે ઓઢવ ઓનેસ્ટ ભાજીપાંઉ ત્રણ રસ્તા નજીક વૉચમાં હતા. દરમ્યાન ઉપરોકત નંબરની કારને રોકી કારમાં તપાસ કરતાં કારમાંથી ઇગ્લીશ દારૂ અને બિયર ટીન/બોટલ કુલ નંગ-૧૧૬૪, આ દારૂ તેમજ બિયર મળી કુલ કિંમત રૂપિયા ૧,૯૫,૬૦૦/- મળી આવતાં આ કારનાં ચાલક સુદામાપ્રસાદ ધીરેન્દ્રપ્રસાદ સોની (ઉ.વ.૨૨)(રહે.સ્નેહકુંજ સોસાયટી, બસ સ્ટોપની બાજુમાં, ઇસનપુર) ની ઉપરોકત દારૂના જથ્થા તેમજ કાર સાથે અટક કરી આ આરોપી વિરૂધ્ધ પ્રોહી.એક્ટ મુજબ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધાવી કુલ રૂપિયા ૬,૯૮,૩૦૦/- મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. (આ મુદ્દામાલમાં ઇગ્લીશ દારૂની બોટલ, બિયર બોટલ/ટીન, હોન્ડાસીટી કાર, બે મોબાઇલફોન અને રોકડ રૂપિયા ૭૦૦/- નો સમાવેશ થાય છે.) આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.ડી.મોરી ચલાવે છે. આ ગુનામાં દિપક મરાઠી (રહે.આદર્શ ફ્લેટ, અમરાઇવાડી) ને વૉન્ટેડ દર્શાવેલ છે.

**આનંદનગર પો.સ્ટે.:-** તા.૧૮/૧૨/૧૩ નારોજ ના.પો.કમિ.શ્રી ઝોન-૧ સ્કોડના માણસો ઝોન-૧ વિસ્તારમા પેટ્રોલીંગમાં હતા દરમ્યાન આનંદનગર ચાર રસ્તા પાસે આવતા તેઓને મળેલ બાતમી હકિક્ત આધારે એક ઇસમ નારણભાઇ જગાભાઇ ભરવાડ રહે- દેવપ્રિયા બંગલોઝ આનંદનગર નાઓને એક નંબર પ્લેટ વગરની ઓટો રીક્ષા સાથે અત્રેના પો.સ્ટે ખાતે સોપેલ.

જેની તપાસ પો.ઇન્સ.શ્રી પી.વી.જાડેજા નાઓની સુચનાથી સર્વલેન્સ પો.સ.ઇ પી.ડી.સોલંકી નાઓ કરતા હોય ઉપરોક્ત આરોપીને ઓટો રીક્ષા અત્રેના પો.સ્ટે વિસ્તારમાં રહેતા વિશાલ વજુભાઇ મડીયા રહે- ઘ.નં-૪૫ શ્વેતાનજલી સોસા. ૧૦૦ ફુટ રીંગરોડ આનંદનગર મુ.વતન-ચોળીમાલા તા-ભીલોડા અરવલ્લી નાઓએ આપેલ હોય જે વિશાલ વજુભાઇ મડીયા નાઓની પો.સ.ઇ સોલંકી નાઓએ યુક્તિ પ્રયુક્તિ તેમજ ખંત પુર્વકની તપાસ કરતા આરોપી વિશાલના ઘરેથી ૨ ડુપ્લીકેટ પીસ્તોલ , ૨ હોલ્સ્ટર , ૨ પોલીસના ડ્રેસ , ૨ યુનીફોમ ના બેલ્ટ , ૨ G.P લખેલ પોલીસ સોલ્ડર સ્ટાર સાથેના તેમજ ૧ પોલીસ કેપ અને ૫ મો.ફોન મળી આવેલ તેમજ આરોપીની ખાનગી રાહે તપાસ કરતા પોલીસનો વેશ ધારણ કરી તોડ કરતો પણ જણાય આવતા બનાવટી પોલીસનો ગુનો દાખલ કરી વધુ તપાસ કરતા આરોપીએ આનંદનગર પો.સ્ટે વિસ્તાર માથી ૧ એક્ટીવા , ૩ મો.સા. તથા એક ઓટોરીક્ષાની પણ ચોરી કરેલાનુ તપાસ દરમ્યાન જણાય આવેલ છે. જે આરોપીને નામદાર કોર્ટમા રજુ કરી દિન-૨ ના પોલીસ ક્સ્ટડી રીમાંડ મેળવેલ અને આજ રોજ સેન્ટ્રલ જેલ ખાતે સોપેલ છે.

**<u>કારંજ પો.સ્ટે</u>** મ.સ.ઇ ભરતકુમાર નટવરલાલ નાઓની બાતમી હકિકત આધારે એક શકમંદ ઇસમ નામે હાજીમહમદ અબ્દુલએહમદ જાતે શેખ (ઉ.વ.૪૮) (રહે. ૩૧૭,પથ્થરવાળી મસ્જીદની પાછળ શાહપુર અંદર, ચોકી પાછળ શાહપુર) ને દરીયાપુર વિસ્તારમાંથી થયેલ ચોરીના કુલ ૫૮ નંગ શર્ટ કિંમત રુપિયા ૨૩,૨૦૦/- ની મત્તા સાથે પો.સ.ઇ શ્રી બી.કે.અસારી નાઓએ અખંડાનંદ સર્કલ ખાતેથી તા.૨૨/૧૨/૧૩ સાંજના ૬/૦૦ વાગે સી.આર.પી.સી કલમ ૪૧ ૧ ડી મુજબ પકડી અટક કરી છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.